For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મુસ્લિમ આરબ દેશોના પહેલા હિંદુ મંદિરના નિર્માણમાં સુરત કનેક્શન

# મૂળ સુરતના સિદ્ધાર્થ માથુરે અબુધાબીમાં અખાતી દેશોના પહેલા હિંદુ મંદિરને રોશનીથી શણગાર્યું

**સુરતની** ઝેવિયર્સમાં સ્કૂલ અને SCET કોલેજમા આર્કિટેક્ચરનો અભ્યાસ કરનાર સિદ્ધાર્થ ઓસ્ટ્રેલિયાથી ઇલ્યુમિનેશન ડિઝાઇનિંગમાં માસ્ટર્સ કરી દુબઇમાં સ્થાયી થયા

**ઇલ્યુમિનેશાન** એક્સપર્ટ તરીકે દુબઈમાં એટલાન્ટિસ રિસોર્ટ, બેંગ્લુરુમાં ફોર સિઝન્સ હોટલ સહિત વિશ્વના જેવા અનેક ખ્યાતનામ પ્રોજેક્ટ્સ કર્યા છે

### મારા માટે મંદિર બનાવવાનો આ પ્રથમ પ્રોજેક્ટ રહ્યો, જે પડકારજનક હતો: સિદ્ધાર્થ માથુર



સિદ્ધાર્થ માથુરે જણાવ્યું હતું કે, વિશ્વમાં મેં ધાર્મિક સ્થળનો એક પ્રોજેક્ટ અગાઉ કર્યો હતો અને ધાર્મિક સ્થળની દ્રષ્ટિએ આ બીજો પ્રોજેક્ટ છે અને મંદિરનો આ પ્રથમ જ પ્રોજેક્ટ છે. જેમાં તેમના દ્વારા અનેક પ્રોજેક્ટો કરવામાં આવ્યા પરંતુ અબુધાબીનું આ બીએપીએસનું મંદિરનું કામ અનેક રીતે પડકારજનક બની રહ્યું હતું. કારણ કે મંદિરમાં કરાયેલી કોતરણીના કોઈ જ ડ્રોઈંગ નહોતા. જેને કારણે મંદિરના કોઈ જ ડાયમેન્શન પણ ખબર નહોતા. ...અનુસંધાન પાના ૯ પર

અબુધાબી: આજે જ્યારે UAEના અબુધાબીમાં ઇસ્લામી દેશોના ઉદયસ્થાન તરીકે જાણીતા અખાતી દેશોનું સૌપ્રથમ હિંદુ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવા જઈ રહ્યો છે ત્યારે સુરત માટે પણ ગૌરવ લેવા જેવી બાબત સામે આવી છે. અબુધાબીના BAPS હિંદુ મંદિરના નિર્માણમાં અને ભવ્યતા ઉમેરવામાં મૂળ સુરતના સિદ્ધાર્થ માથુરનો ફાળો છે.

સિદ્ધાર્થે આ મન્દિરના ઇલ્યુમિનેશાન ડિઝાઇનર તરીકે કામ કર્યું છે. પિતા સુરતની બરોડા રેયોન અને L&T જેવી કોર્પોરેટ કંપનીઓમાં ઇજનેર તરીક જોબ કર્તા હોવાથી સુરતમા જ જન્મથી ...અનુસંધાન પાના ૯ પર

### મંદિરની જગ્યા મુસ્લિમે દાનમાં આપી, જ્યારે કન્સ્ટ્રક્શન પારસી દ્વારા કરાયું છે

આ મંદિરમાં ખરેખર કોમીએકતા જોવા મળી છે. આ મંદિર માટે જગ્યા મુસ્લિમ દ્વારા દાનમાં આપવામાં આવી છે. જ્યારે મુખ્ય આર્કિટેક્ટ ક્રિશ્ચયન છે. પ્રોજેક્ટ મેનેજર શીખ છે. જ્યારે સ્ટ્રક્ચરલ એન્જિનિયર બૌદ્ધ છે. કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર પારસી છે. ડાયરેક્ટર જૈન છે. ચિફ કન્સલ્ટન્ટ એથેઈસ્ટ છે. જ્યારે મંદિરના પ્રેરક અને બનાવનાર હિન્દુ છે.

### વિશ્વના અનેક પૃષ્ઠભૂમિના, વિવિધ ધર્મોના હજારો લોકોના સહયોગથી રચાઈ છે 'વોલ ઓફ હાર્મની'



● વોલ ઓફ હાર્મની 45 મીટર લાંબી અને 4.5 મીટર ઉંચી છે ● UAEની સૌથી વિશાળ 3D પ્રિન્ટેડ દિવાલોમાંની એક. ● 45 મીટર લાંબી, 4.5 મીટર ઊંચી ● છેક નીચેથી લઈને ઉપર સુધી, આ દિવાલમાં 225 લેયર્સ છે. ● વિશ્વના મહાન સ્થાપત્યોને અહીં દર્શાવવામાં આવ્યા છે. ● દીવાલની અંદર રહેલાં વળાંકો રણની રેતીને દર્શાવે છે. ● હાર્મની શબ્દ વિશ્વની પ્રાચીન અને અર્વાચીન એમ 30 ભાષાઓમાં કંડારવામાં આવ્યો છે.

### સેન્ડડ્યુન અને વોલ ઓફ હાર્મની એ મંદિરના પ્રમુખસ્વામીના સંકલ્પમાં જ હતું



સાત અમિરાતોની રેતી સાથે બનાવાયું છે સેન્ડડ્યુન. સેન્ડડ્યુનને ડ્યુન ઓફ પ્રેયર નામ આપવામાં આવ્યું છે. તેની બાજુમાં જ અને વોલ ઓફ હાર્મની બાજુબાજુમાં બનાવવામાં આવ્યા છે. તે એવો સંકેત આપે છે કે 5મી એપ્રિલ, 1997માં પ્રમુખ સ્વામી શારજહા આવ્યા હતા ત્યારે ત્યાં તેમણે એવું ધાર્યું અને સંકલ્પ કર્યો કે યુએઈમાં પણ હિન્દુ મંદિર હોવું જોઈએ અને સ્થાનિક શેખની અન્યના સહયોગથી શક્ય બન્યું. જેમાં હાર્મનીનો કોન્સેપ્ટ જળવાયો છે.

### કોઈપણ કોમ કે ધર્મનો વ્યક્તિ હોય, વારાસણી ઘાટ પર શાંતિ અનુભવશે

હાર્મનીનો ખરો અર્થ દર્શાવવા માટે મંદિરની ચાર તરફ ચાર જુદા બિલ્ડિંગ બનાવ્યા છે તે સ્થાનિક ચલો સેન્ડ સ્ટોનના બનાવ્યા છે. જેમાં એક બિલ્ડિંગ એમ્ફી થિયેટર છે. તેમાં વારાસણીના ગંગાઘાટ જેવો થીમ રાખવામાં આવ્યો છે. આને સ્પીરીચ્યુઅલ ઓએસિસ ...અનુસંધાન પાના ૯ પર

### દબાણ, તાપમાન, ભૂકંપ માપવા માટે મંદિરની નીચે 300 સેન્સર મુકાયાં છે

અબુધાબીનું આ મંદિર વિશ્વનું સર્વ પ્રથમ મંદિર છે કે, જ્યાં 300 જેટલાં સેન્સર્સ મૂકવામાં આવ્યા છે, જે દબાણ, તાપમાન, ભૂકંપ સંબંધી લાઈવ ડેટા પૂરો પાડતા રહેશે.આ માટે સૌ પ્રથમ વાર મંદિરનું ડિજિટલ મોડેલ બનાવી સિસ્મિક એનાલીસિસ પણ કરવામાં આવ્યું હતું.

### મંદિરના પ્રાંગણમાં 6700 વર્ષ જૂનાં 'ઓક'નાં ઝાડના થડ મુકાયાં છે



મંદિરના પ્રાંગણમાં મુકવામાં આવેલા 6700 વર્ષ જૂના 'ઓક'ના ઝાડના થડની એ ખાસિયત છે કે તે સુકાયા પણ નથી અને લીલા પણ નથી. અગાઉ જ્યારે ચેક રિપબ્લિક દેશમાં નોર્થ મોરાવિયા રિજનમાં ખોડા ખોદવામાં આવી રહ્યો હતો ત્યારે ...અનુસંધાન પાના ૯ પર



યુવા વર્ગમાં થનગનાટ, કોઈ પ્રેમની અભિવ્યક્તિ કરશે, કોઈ જીવનભર માટે લગ્નના તાંતણે બંધાશે

# 58 વર્ષે રૂડા અવસર, 'વસંત પંચમી' અને 'વેલેન્ટાઈન ડે'નો અનોખો સંયોગ

■ માતા સરસ્વતીના પ્રાગટ્ય દિવસ તરીકે પણ ઉજવાશે, મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના સહિતના કાર્યક્રમો યોજાશે ■ વણજોયાં મુહૂર્ત અને વિવિધ ગ્રહ-નક્ષત્રોના શુભ સંયોગ સાથે હજારો લગ્નપ્રસંગોનો ધમધમાટ રહેશે ■ બજારો ગુલાબ, ગિફ્ટ અને ચોકલેટથી ઊભરાયાં, યુવાઓએ ધૂમ ખરીદી કરી, હવે આજે પ્રેમનાં પારખાં કરશે

સુરતઃ મહાસુદ પાંચમ એટલે વસંત પંચમી. આ દિવસને માતા સરસ્વતીના પ્રાગટ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ સાથે તમામ ઋતુઓમાં શ્રેષ્ઠ વસંતઋતુ પણ શરૂ થાય છે. જો કે આ વખતે વિશ્વભરમાં પ્રેમના પર્વ તરીકે ઉજવાતા વેલેન્ટાઈન ડે પણ હોવાથી વસંત પંચમી અને વેલેન્ટાઈન ડેનો શુભ સંયોગ પાંચ દાયકા બાદ થયો છે. વસંતપંચમીના શુભમુહૂર્તના દિવસે હજારો લગ્નો થતા હોય આ યુગલો વેલેન્ટાઈન ડેના દિવસે જ સહજીવનની શરૂઆત કરવાની ધન્યતા અનુભવશે. તો પ્રેમીઓ પોતાના પ્રેમ પાત્રને ગુલાબ, અનવની ભેટ અને ચોકલેટ વગેરે આપીને પ્રેમના પર્વની ઉજવણી કરશે.

વસંત પંચમી અને વેલેન્ટાઈન ડેનો સંયોગ 58 વર્ષ બાદ આવી રહ્યો છે. વસંત પંચમી હિન્દુ ધર્મનો તહેવાર છે, જ્યારે વેલેન્ટાઈન ડે ખ્રિસ્તી સંત વેલેન્ટાઈનની યાદમાં ઉજવાતો પર્વ ...અનુસંધાન પાના ૯ પર



### આજે વસંત પંચમીની સાથે અનેક શુભ યોગોનો સંયોગ

આ વર્ષે વસંત પંચમીના દિવસે રવિ યોગની સાથે રેવતી અને અશ્વિની નક્ષત્ર પણ આવી રહ્યા છે, જે ખૂબ જ શુભ માનવામાં આવે છે. રવિ યોગ 15 ફેબ્રુઆરીના રોજ સવારે 10.43થી સવારે 7 વાગ્યા સુધી રહેશે. આ સાથે રેવતી નક્ષત્ર 13 ફેબ્રુઆરીએ બપોરે 12:35 વાગ્યે શરૂ થશે, જે 14 ફેબ્રુઆરીએ સવારે 10:43 વાગ્યે સમાપ્ત થશે. આ પછી અશ્વિની નક્ષત્ર શરૂ થશે, જે 15 ફેબ્રુઆરીએ સવારે 9.26 કલાકે સમાપ્ત થશે. વસંત પંચમીના દિવસે બ્રહ્મ મુહૂર્તમાં જાગવું, તમામ કામમાંથી નિવૃત્ત થઈને સ્નાન કરવું અને પીળા રંગના સ્વચ્છ વસ્ત્રો પહેરવા. આ પછી માતા સરસ્વતીની વિધિવત પૂજા કરો. લાકડાના મંચ પર પીળા રંગનું ...અનુસંધાન પાના ૯ પર

### 'વેલેન્ટાઈન ડે'માં હવે ગ્રીટિંગ્સ કાર્ડનું સ્થાન સ્માર્ટ ફોને લઈ લીધું

**જીવનસાથીને** ઘરે જ રોમેન્ટિક ડેટ પ્લાન કરવાનું ચલણ વધ્યું, તો ક્લબ, રેસ્ટોરાંમાં પણ પ્રેમીયુગલોની પ્રેમગોષ્ઠિ જામશે

સુરતઃ આવતીકાલે પ્રેમના દિવસ 'વેલેન્ટાઇન ડે'ની ઉજવણી રંગે ચંગે કરવામાં આવશે. બદલાતી ડિજિટલ દુનિયામાં ગ્રીટિંગ કાર્ડ્ઝનું સ્થાન હવે સ્માર્ટ ફોનના સંદેશાઓએ લઈ લીધું છે. તેમ છતાં યુ.એન.નાં દાવા મુજબ આ ખાસ દિવસ નિમિત્તે વિશ્વભરમાં આશરે 1 મિલિયનથી વધુ લોકો કાર્ડ મારફતે પોતાની લાગણી વ્યક્ત કરે છે. વેલેન્ટાઇન ડે પર જીવનસાથીને ગિફ્ટ આપવા માટે ઘણો વિચાર થઈ રહ્યો છે. વેલેન્ટાઇન ડે ગિફ્ટસ આઇડિયા પોપ્યુલર બની રહ્યું છે. ઓનલાઇન ગિફ્ટ આપવાનું ચલણ પણ વધી રહ્યું છે. વેલેન્ટાઇન ડે પર હવે જીવનસાથીને ઘરે જ રોમેન્ટિક ડેટ પ્લાન કરવાનું ચલણ વધી રહ્યું છે. ડિનર પાર્ટીઓ યોજાઇ રહી છે, એને લીધે કેટરિંગનો ધંધો જોરમાં ચાલી રહ્યો છે. સુરત શહેરમાં ક્લબ લેવલે પાર્ટીઓનું આયોજન થયું છે. રેસ્ટોરન્ટનાં બુકિંગ પણ થયા છે. મહિલા પાર્ટનરને જ્વેલરીનો શોખ હોય છે, તેમને આ દિવસે નેકલેસ, રિંગ કે પછી બ્રેસલેટ જેવી લાઇટ વેટ ...અનુસંધાન પાના ૯ પર

### માંગરોળના વાંકલમાં કપિરાજનો આતંક: પાંચ જણાને બચકાં ભર્યાં



વાંકલ: વાંકલ વિસ્તારમાં ફરી એકવાર કપિરાજનો આતંક જોવા મળી રહ્યો છે. ક્યારેક ફ્રૂટની દુકાનમાં તો ક્યારેક ઘરમાં ઘૂસી જાય છે. જો કોઈ નજીક આવ્યું તો આવી જ બન્યું. નજીક જનારને કપિરાજ બચકાં ભરી લે છે. અત્યાર સુધી પાંચ જણાને બચકાં ભરતાં લોકો પરેશાન થઈ ગયા છે. ત્યારે વનવિભાગ કાર્યવાહી કરે એ જરૂરી છે.

માંગરોળનો કેટલોક વિસ્તાર જંગલ વિસ્તારથી ઘેરાયેલો છે. જેને કારણે ઘણીવાર રહેણાક વિસ્તાર સુધી જંગલી પ્રાણીઓ ઘૂસી આવે છે. ત્યારે હાલમાં એક કપિરાજથી વાંકલના લોકો તોબા પોકારી ઊઠ્યા છે. આ કપિરાજ અચાનક આવે છે અને વાહનચાલકો પર હુમલો કરે છે. તો ઘણીવાર ફ્રૂટની દુકાન પર ચઢી જતાં દુકાનદારોને દુકાન છોડી ભાગી જવું પડે છે. ક્યારેક તો કપિરાજ ઘર અને દુકાનમાં પણ ઘૂસી જાય છે. અત્યાર સુધીમાં પાંચથી વધુ લોકોને બચકાં ભર્યાં છે. જેને કારણે અહીંના લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ...અનુસંધાન પાના ૯ પર

# 'લેબગ્રોન' હવે ફ્રાન્સમાં 'ડાયમંડ' ગણાશે નહીં

**ખાણોમાંથી** નીકળતા કુદરતી હીરાને જ હીરાની વ્યાખ્યામાં ગણશે, LGDનો સિન્થેટીક ગુડ્ઝ તરીકે ઉલ્લેખ કરાશે



સુરતઃ ફ્રાન્સ સરકારનાં નાણાં મંત્રાલયે ખાણોમાંથી નીકળતા નેચરલ ડાયમંડને પ્રમોટ કરવા લેબગ્રોન ડાયમંડને હીરા તરીકે માન્યતા આપવા ઈન્કાર કરી દીધો છે. એન્ટવર્પ - વર્લ્ડ ફેડરેશન ઓફ ડાયમંડ બોર્સિસ (WFDB) બિન- કુદરતી હીરા માટે સિન્થેટીક સિવાયની તમામ પરિભાષાઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાના નિર્ણય માટે ફ્રેન્ચ અર્થતંત્ર અને નાણાં મંત્રાલયની પ્રશંસા કરી છે. આ નિર્ણયનો અર્થ એ છે કે લેબમાં તૈયાર કરવામાં આવતા લેબગ્રોન ડાયમંડ માટે હીરા શબ્દનો ઉપયોગ ફ્રાન્સમાં કાયદેસર રહેશે નહીં.

WFDBના પ્રમુખ, યોરામ દ્વાશે કહ્યું હતું કે, ફ્રાન્સની સરકાર કુદરતી હીરાનાં વેપારને વિશ્વસનીય માને છે. ખાણોમાંથી નીકળતા કુદરતી રફ હીરાને જ હીરાની વ્યાખ્યામાં ગણે છે. મેન મેડ પ્રોડકટને સિન્થેટિક આર્ટવર્ક ...અનુસંધાન પાના ૯ પર

રૂપિયા સારૂ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે
વિશેષ આયુર્વેદિક પદ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, ક્રિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202



:: પ્રથમ પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ ::



સ્વ. નીરૂબેન ગોપાળભાઈ પટેલ
સ્વ. તા. ૧૪/૦૨/૨૦૨૩, મંગળવાર

પરિશ્રમ ભરેલું જીવન જીવી સુખ સહુને આપી ગયા. દુઃખને દેખાડ્યું નહીં, જીવનભર મહેનત કરી આપે, દુઃખના દરિયા વેઠી કુટુંબને સુખના સાગરમાં તરતા મૂકી ગયા. આપ ગુલાબરૂપી ફૂલની મહેંક ફેલાવી ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પરમાત્માને પ્રાર્થના.

લિ.
નરેન્દ્રભાઈ ગોપાળભાઈ પટેલ
કાંતિલાલ ગોપાળભાઈ પટેલ
તથા સમસ્ત પટેલ પરિવાર

અનાવિલ અવસાન



સ્વ. અનસૂયા મનુભાઈ દેસાઈ
તા.૧૩/૨/૨૦૨૪

અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે, અમારા ધર્મપત્નિ / માતુશ્રી અનસૂયા મનુભાઈ દેસાઈ (૯૦ વર્ષ)નું તા.૧૩/૦૨/૨૦૨૪ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગતની પ્રાર્થના સભા તા. ૧૫/૦૨/૨૦૨૪ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન ગ્રાઉન્ડ ફ્લોર, દયાળજી આશ્રમ, મજૂરાગેટ, સુરત સ્થળે રાખેલ છે.
લૌકિક રિવાજ બંધ છે.

લિ. મનુભાઈ ખંડુભાઈ દેસાઈ (કોસ્ટ એકાઉન્ટન્ટ)
હેમલ દેસાઈ (પુત્ર) શિલ્પા હેમલ દેસાઈ (પુત્રવધુ)
હેતલ દેસાઈ (પુત્રી) ડૉ. જતીન દેસાઈ (જમાઈ)
સ્મિત દેસાઈ (કોસ્ટ એકાઉન્ટન્ટ)
આર્જવ દેસાઈ (દોહીત્ર) બ્રિન્દા આર્જવ દેસાઈ
શ્રીજા દેસાઈ (દોહીત્રી) ડૉ. મીત દેસાઈ
અશ્વત્થ આર્જવ દેસાઈ
રહેઠાણ : ૯૪, આમ્રકુંજ સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત

॥ પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥



સ્વ.દક્ષાબેન અશોકકુમાર જરીવાલા
સ્વ.તા.૧૪.૦૨.૨૦૨૩

જીંદગી ટુંકી પણ શ્રેષ્ઠ જીવી ગયા તમે, અનેક સંભારણાઓ મુકી નયનથી દુર ઈશ્વરના ચરણોમાં વસ્યા તમે. સતકર્મો તથા કુટુંબીજનો સાથેનો પ્રેમભાવ, લાગણીશીલ, સ્વભાવ સૌને પ્રેરણા આપતા રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.
અશોકકુમાર હસમુખલાલ જરીવાલા
મુકેશકુમાર હસમુખલાલ જરીવાલા
રાજેશકુમાર હસમુખલાલ જરીવાલા
રાકેશકુમાર હસમુખલાલ જરીવાલા
ધીરજલાલ કાશીરામ જરીવાલા પરિવાર
સ્થળ : ૨/૧૭૩૨, પાંજરાશેરી, સગરામપુરા, સુરત.

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ધર્મેશભાઈ ઝવેરભાઈ તાંબાઘર
સ્વ.તા.૧૨/૦૨/૨૦૨૪

તમે અમારી સાથે નથી પણ, તમારી યાદોનો ભંડાર અમારા હૃદયમાં ધબકયા કરે છે. દેહ ભલે અદ્રશ્ય થયો પણ યાદ હંમેશા અમારી સાથે રહેશે.
આપની મધુર સ્મૃતિઓ, નિર્મલ નિખાલસતા એ બધુ તમારુ, અમારા હૃદયમાં અકબંધ રહેશે સદા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
પ્રકાશભાઈ ઠાકોરભાઈ પટેલ
શ્વેતાબેન પ્રકાશભાઈ પટેલ
ક્રિશીવ, નીવ

છઠ્ઠી પુણ્યતિથિએ વ્હાલા બાપુને સ્નેહભરી શ્રદ્ધાંજલી



સ્વ. દોલતસિંહ પ્રભાતસિંહ પરમાર
મરણ તા. ૧૪/૨/૧૮
શેરખી નિવાસી -વડોદરા નવસારી

"છાંયડો"
પિતાનો પડછાયો પણ જ્યારે એક પહાડ જેવો છાંયડો આપે છે... ત્યારે પિતાનાં... સદેહઃ પડછાયાની તો કોઇ સીમા જ નથી. પરંતુ આ દેહ જ્યારે આપણને છોડીને જાય છે... ત્યારે આ છાંયડાનો આપણને અહેસાસ થાય છે. પરિવારના વટવૃક્ષ અને મધુવન જેવી લાગણીઓના કર્તા એવા સ્વજનોની યાદ કદી વિસરાતી નથી. પરિવાર તરફથી વ્હાલા બાપુને હૃદયપૂર્વક સત્ સત્ નમન...

ગંગા સ્વ. લક્ષ્મીબેન દોલતસિંહ પરમાર (પત્ની)
સમસ્ત પરમાર પરિવાર

અગિયારમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. અંકુર જગદીશભાઈ પટેલ
જન્મ તા. ૨૭/૦૭/૧૯૮૯
સ્વ. તા. ૧૪/૦૨/૨૦૧૩

એક ચહેરો જે દ્રષ્ટિમાંથી ભુલાય નહિ, એક વ્યક્તિત્વ જે ક્યારેય વિસારાય નહિ, એક હુંફ જે ક્યારેય હવે મળશે નહિ, જેમનું નામ હૃદયમાં સતત ગુંજ્યા કરે અને ફુલ બની આસપાસ મહેંક્યા કરે. પ્રભુ તારા દિવ્યા આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
જગદીશભાઈ શાંતિલાલ પટેલ (પપ્પા)
જયશ્રીબેન જગદીશભાઈ પટેલ (મમ્મી)
યોગેશ જગદીશભાઈ પટેલ (ભાઈ)
નીતીક્ષા યોગેશ પટેલ (ભાભી)
ધ્યાના યોગેશ પટેલ (ભત્રીજી)

દુઃખદ અવસાન - બેસણું



સ્વ. પ્રવીણાબેન નરહરી આઠવલે (દોલતજાદા)
સ્વ. તા. ૧૩/૦૨/૨૦૨૪

હમોના માતૃશ્રી/બહેનશ્રી
પ્રવીણા નરહરી આઠવલે (દોલતજાદા)
નું તા. ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું બુધવાર તા. ૧૪/૦૨/૨૦૨૪ ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે એમના નિવાસસ્થાને રાખેલ છે.
નિવાસસ્થાન : ૧૨/એ, સ્વામી ગુણાતીત નગર સોસાયટી, જુના રીલાયન્સ પેટ્રોલ પંપની ગલીમાં, એસએમસી પાર્ટી પ્લોટની સામે, ભટાર રોડ, સુરત.
(લૌકિક રિવાજ બંધ છે)

લિ.
ઉન્નત નરહરી આઠવલે | દિપ્તી ઉન્નત આઠવલે
રંગત નરહરી આઠવલે | ભૈરવી રંગત આઠવલે
ઋષિકાબેન હેમંત શ્રોફ (દોલતજાદા)
વૃતાંત, દિશાંત, પલાશ, દેવ

દુઃખદ અવસાન બેસણું



સ્વ. શંકરભાઈ સુખાભાઈ પટેલ
સ્વ.તા. ૧૨/૦૨/૨૦૨૪

દિલગીરી સહ જણાવવાનું કે અમારા જમાઈ શ્રી શંકરભાઈ સુખાભાઈ પટેલનું તાઃ ૧૨-૦૨-૨૦૨૪ સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું ગુરૂવાર તા. ૧૫-૦૨-૨૦૨૪ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧:૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

લિ.શ્વસુર પક્ષ
સ્વ. ધીરજલાલ મકનભાઈ પટેલ | શ્રી મિતલભાઈ ધીરજલાલ પટેલ
શ્રી રમેશભાઈ મકનભાઈ પટેલ | શ્રી રોબીનભાઈ રમેશભાઈ પટેલ
શ્રી અજયભાઈ ઈશ્વરભાઈ પટેલ | શ્રી રીપીભાઈ રમેશભાઈ પટેલ
શ્રી સરજુભાઈ ધીરજલાલ પટેલ | શ્રી રીનલભાઈ રમેશભાઈ પટેલ
પ્રથા, પ્રીશા, ભવ્યા, જય, નવ્યા, અક્ષ, માન્યા, મિશા, ઝેનીલ, રીયાન તથા સમસ્ત પરિવાર
બેસણાનું સ્થળ : કરિશ્મા સ્ટ્રીટ, મગદલ્લા, સુરત.

દુઃખદ અવસાન બેસણું



સ્વ. શંકરભાઈ સુખાભાઈ પટેલ
સ્વ.તા. ૧૨/૦૨/૨૦૨૪

દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિ શ્રી શંકરભાઈ સુખાભાઈ પટેલનું તાઃ ૧૨-૦૨-૨૦૨૪ સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું ગુરૂવાર તા. ૧૫-૦૨-૨૦૨૪ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧:૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

લિ.
ગં.સ્વ. લીલાવતીબેન શંકરભાઈ પટેલ(પત્ની)
નિલેષભાઈ શંકરભાઈ પટેલ(પુત્ર)
ભૌતિકાબેન નિલેષભાઈ પટેલ(પુત્રવધુ)
કલ્પનાબેન પટેલ(પુત્રી)
ગીરીશભાઈ કાન્તીભાઈ પટેલ(જમાઈ)
અમિષાબેન ગીરીશભાઈ પટેલ(પુત્રી)
ભાગ્યેશ,દિવ્યેશ,રેન્સ,ટીયા,વેદાંત,અયાન
બેસણાનું સ્થળ : આઝાદ સ્ટ્રીટ, મગદલ્લા, સુરત.

અનાવિલ અવસાન



સ્વ. સુમિત્રાબેન નવીનચંદ્ર દેસાઈ
સ્વ. તા. ૧૩/૦૨/૨૦૨૪

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી સુમિત્રાબેન નવીનચંદ્ર દેસાઈ (ભૂતપૂર્વ આચાર્ય ન.પ્રા.શિ.સ. પોલીસ હેડકવાર્ટસ, શા.નં. ૭ મરાઠી-ગુજરાતી) નું દુઃખદ અવસાન તા. ૧૩/૦૨/૨૦૨૪ ને મંગળવારના રોજ થયેલ છે. પ્રભુ દિવંગત આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.
સદગતનું પિયરપક્ષ સહિતનું સંયુક્ત બેસણું તા. ૧૫-૦૨-૨૦૨૪, ગુરુવારે દયાળજી આશ્રમ, બીજોમાળ, સંસ્કાર ભવન, મજુરાગેટ, સુરત મુકામે રાખેલ છે.
લૌકિક રિવાજ બંધ છે. સમય : સાંજે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે

લિ.
સ્વ. નવીનચંદ્ર ભીમભાઈ દેસાઈ
શ્રી નિપુણભાઈ દેસાઈ (પુત્ર) | અ.સૌ. નૂતન નિપુણભાઈ દેસાઈ (પુત્રવધુ)
શ્રી રાજેશભાઈ દેસાઈ (પુત્ર) | અ.સૌ. વંદના રાજેશભાઈ દેસાઈ (પુત્રવધુ)
ડૉ. કીર્તિદા દેવેશભાઈ દેસાઈ (પુત્રી) | શ્રી દેવેશભાઈ રમેશભાઈ દેસાઈ (જમાઈ)
ડૉ. પ્રેષા દીપકુમાર શાહ (પૌત્રી) | ડૉ. દીપકુમાર અરવિંદભાઈ શાહ (પૌત્રી-જમાઈ)
જીનલ રાજેશભાઈ દેસાઈ (પૌત્રી) | ઘર્મિલ દેવેશભાઈ દેસાઈ (દોહિત્ર)
જીગ્નેશ રાજેશભાઈ દેસાઈ (પૌત્ર) | મહેક દેવેશભાઈ દેસાઈ (દોહિત્રી)
પિયરપક્ષ : શ્રી વસંતરાય બાલુભાઈ દેસાઈ, હનુમાન શેરી, વલસાડ.
નિવાસ : બ.નં. ૯,૧૦,૧૧, રાજવંશ સોસાયટી, જીયોમેક્ષ હોસ્પીટલ સામે, ન્યુ સિટીલાઈટ રોડ, સુરત. મો. 9374724758, 9374725026

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.કરસનભાઈ માધવલાલ પટેલ
સ્વ.તા.૧૪/૦૨/૨૦૨૩

એક ચહેરો જે દ્રષ્ટિમાંથી ભૂલાય નહી,
એક વ્યકિત જે કયારેય વિસરાઈ નહી,
એક હુંફ જે હવે કયારેય મળશે નહી,
જેનું નામ હૃદયમાં સતત ગુંજયા કરે,
હૃદય નથી સ્વીકારતું તમારી જુદાઈ,
અમારા હૃદયમાં રહેશે તમારી સ્મૃતિ સદાય.
પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને પરમ શાંતિ આપે એવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...

લિ. ગં.સ્વ. લક્ષ્મીબેન કે. પટેલ (પત્ની)
મયુરભાઈ કે. પટેલ (પુત્ર) મનીષા એમ. પટેલ (પુત્રવધૂ)
દીપકભાઈ કે. પટેલ (પુત્ર) નેહા ડી. પટેલ (પુત્રવધૂ)
કલ્યાણી, રવિ, જુહી, જય

અશુભ - રામકબીર



સ્વ. રતનબેન હરિભાઈ ભકત (સ્યાદલા)
સ્વ.તા.૧૧/૦૨/૨૪

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી રતનબેન હરિભાઈ ભકત તા.11-02-2024ને રવિવારના રોજ અમેરિકા મુકામે હરિચરણ થયા છે. સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે સ્વગૃહે પ્રાર્થના કરવા વિનંતી.

લિ.
પિયર પક્ષ: સુખદેવભાઈ કરસનભાઈ ભકત, મુ.પો. ઓરણા
નરેન્દ્રભાઈ હરિભાઈ ભકત
મનહરભાઈ હરિભાઈ ભકત
મુ.પો.સ્યાદલા, તા. વાલોડ, જી. તાપી
લૌકિક રિવાજ બંધ છે

॥ શ્રદ્ધાંજલિ ॥



સ્વ. ધર્મેશ ઝવેરભાઈ તાંબાઘર
સ્વ.તા ૧૨/૦૨/૨૦૨૪
સોમવાર

જે જીવ આવ્યો આપ પાસે શરણમાં અપનાવજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

લિ.
ચંદ્રિકા મુકેશભાઈ પટેલ (બહેન)
મુકેશ શાંતિલાલ પટેલ (બનેવી)
સોનાલી, સૌરભ

:: સુરતી દરજી અવસાન ::



સ્વ. દમયંતીબેન બાબુભાઈ ટેલર
સ્વ.તા.૧૧-૦૨-૨૦૨૪

આથી દિલગીરી સાથે જણાવવાનું કે મારા મોટા બેન કુ. દમયંતીબેન બાબુભાઈ ટેલર (ટોકકલવાલા) (નિવૃત્ત સેલ્સટેક્ષ ઇસ્પેક્ટર)નું તા.૧૧-૦૨-૨૦૨૪ના રવિવાર (મહા સુદ બીજ)ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. 'પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અને મોક્ષ અર્પે એજ પ્રાર્થના.''

લિ.
કુ. સુમનબેન બાબુભાઈ ટેલર (9825818950)
ગ.સ્વ.સુમિત્રાબેન હરિવદન ટેલર | સ્વ. હરિવદન બાબુભાઈ ટેલર
શ્રીમતી ખુશમનબેન રમેશચંદ્ર ટેલર | શ્રી રમેશચંદ્ર બાબુભાઈ ટેલર
સ્વ. ઉર્મિલાબેન રણજીતભાઈ ટેલર | શ્રી રણજીતભાઈ બાબુભાઈ ટેલર
તથા સમસ્ત ટેલર (ટોક્કલવાલા) પરિવાર
નિવાસસ્થાનઃ બં.૧૮, કાવસજીનગર સોસાયટી, મોરારજી દેસાઈ ગાર્ડનની બાજુમાં, જૂની સડક, અડાજણ, સુરત.